# મધુર વાણી સર્વત્ર પ્રિય બને છે!

આચમન
બિપિન પટેલ

મરાઠી પરંપરાનું એક મધુર સૂત્ર છે, ‘તિળગૂળ ઘ્યા આણિ ગોડ ગોડ બોલા!’ - તલગોળ ખાઓ અને મીઠું મીઠું બોલો. જીવનમાં ઉતારવા જેવું છે આ પ્રેરક સૂત્ર! એ તો તદ્દન સાચું છે કે મીઠી વાણી સર્વત્ર આકર્ષણ બને છે અને મીઠું બોલનાર વ્યક્તિ સૌની પ્રિય બને છે. જેવું આપણે બોલીશું તેવું જ આપણે પામીશું! આપણી જ વાણીનો પડઘો આપણને સામેથી મળતો હોય છે. જો વાણીમાં પ્રેમ હશે તો પડઘો પણ પ્રેમનો જ પામીશું. વાણીમાં કઠોરતા કે ક્રોધ હશે, ધૃણા કે આક્રોશ હશે તો આપણે અવશ્ય ધૃણા અને તિરસ્કારનો જ પડઘો પામીશું! ભગવાન શ્રીકૃષ્ણ તો ગીતાજીના માધ્યમ દ્વારા આપણને સમજાવે છે કે કોઈને ઉદ્વેગ ન કરનારી, સત્ય, પ્રિય અને હિતકારી વાણી બોલવી એ વાણીનું તપ છે. (17-15)

વાણી ઘા પણ કરી શકે છે અને વાણી ઘા પર મલમ પણ બની શકે છે! વાણી ઉચ્ચ સિંહાસન પર બેસાડી શકે છે અને વાણી ઊંડી ખીણમાં પણ ગબડાવી શકે છે. વાણીની શક્તિ અપાર છે. દ્રૌપદીની વ્યંગ્યાત્મક વાણીએ જ મહાભારત સર્જ્યું હતું ને! જરા યાદ કરીએ રામાયણની પેલી કલંકિત ઘટનાને અને એ જ સમયની શ્રીરામની ઉદાત્ત વાણીને! મન આપોઆપ શ્રીરામના ચરણોમાં ઝૂકી જશે. દાસી મંથરાની કાન ભંભેરણી અને ઉશ્કેરણીએ રાણી કૈકેયીની બુદ્ધિ ભ્રષ્ટ કરી અને તેમણે મહારાજ દશરથને વિવશ કર્યા. રામ માટે ચૌદ વર્ષનો વનવાસ માગી લીધો. સવારે રામને સમાચાર મળ્યા- રાજ્યાભિષેક નહીં, વનવાસ મળ્યો છે. રામને તલભાર પણ આઘાત ન લાગ્યો. તેમણે માતા કૈકેયીને કહ્યું; ‘મા! એ પુત્ર મહાભાગ્યશાળી છે કે જે માતા-પિતાના વચનનું પાલન કરનાર હોય! મને એ અવસર મળે છે; એ મારું અહોભાગ્ય છે! માતા-પિતાને સંતુષ્ટ કરનાર પુત્ર સંસારમાં દુર્લભ છે. તમે તો મને વનમાં ઋષિ-મુનિઓનો સંગ અને સત્સંગ કરવાનો અમૂલ્ય અવસર પ્રદાન કર્યો. ધન્ય છો મા તમે!’ રાજ્યાભિષેકને સ્થાને કંટાળો વનવાસ મળ્યો તો પણ શ્રીરામની વાણીમાં ન ક્રોધ હતો કે ન કટુતા! ન રોષ કે ન હતો તિરસ્કાર! હતી કેવળ નમ્રતા!



લક્ષ્મણજીએ જ્યારે આ જાણ્યું ત્યારે તેમનો ક્રોધ ધમધમી ઊઠ્યો. શ્રીરામ સમક્ષ તેમની આવેશ યુક્ત વાણી પડઘાવા લાગી, ‘કૈકેયી રાણીને વશ થઈને કામવશ થઈ ગયેલા મહારાજ દશરથ તો વિવેકશૂન્ય બની ગયા છે. જો તેઓ પણ તમારા શત્રુ બની જાય તો તેમને કેદ કરતાં મને કોઈ રોકી શકશે નહીં! જેઓ કૈકેયીમાં આસક્ત બનીને નિંદિત બની રહ્યા છે, એ વૃદ્ધ પિતાને તો હું અવશ્ય મારી નાખીશ!’ લક્ષ્મણના શબ્દોમાં કઠોરતા પણ છે અને કટુતા પણ!

**વાણી ઘા પણ કરી શકે છે અને વાણી ઘા પર મલમ પણ બની શકે છે! વાણી ઉચ્ચ સિંહાસન પર બેસાડી શકે છે અને વાણી ઊંડી ખીણમાં પણ ગબડાવી શકે છે**

ભલે શ્રીરામ પ્રત્યે તેમને અપાર સ્નેહ અને આદર કેમ ન હોય, પરંતુ માતા-પિતા માટે કઠોર, કટુ અને અપમાનજનક શબ્દો અનુચિત પણ છે અને અશોભનીય પણ!

આપણી વાણી તો આપણા વિચારો, સંસ્કાર, શિક્ષણ અને સ્વભાવનું જીવંત પ્રતિબિંબ છે. એક પ્રશ્ન પૂછીએ આપણી જાતને કેવી છે આપણી વાણી?

# તમારા જીવનને બાંધેલુ ન રાખો



અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

એક માણસ છે, જેને સસલાં પાળવાનો શોખ છે. એના મકાનની પાછળના વાડામાં સસલાંને રાખે છે. એ સસલાંને રોજ લઈને ઘર પાસે આવેલા બગીચામાં જાય છે. જ્યાં સસલાં ભાગી ન જાય, એટલે નાની સાંકળથી એમને નજીકના ઝાડ જોડે બાંધી રાખે છે. એ સસલાં બગીચાનું કૂણું ઘાસ ખાય છે અને ઝાડની આસપાસ ફરતાં રહે છે. એમ ગોળ ગોળ ફરવાથી પેલી સાંકળ ઝાડને વીંટળાઈ જાય છે. અને સાવ ટૂંકી થઈ જતાં ગળે ટૂંપો અનુભવે છે. એટલે એ સસલું ત્યાં જ બેસી રહે છે. એ થાકી હારીને બેઠું છે. એને ખબર નથી કે, આ જે સાંકળ લાંબી હતી તે ટૂંકી કેમ થઈ ગઈ? જ્યારે બીજા સસલાંની સાંકળ ટૂંકી થઈ નથી, એ હજુ રમે છે. એ સસલાં ઝાડ ફરતે ગોળ ફર્યો નથી. એટલે તેની સાંકળ યથાવત લાંબી જ છે. કદાચ એ હોંશિયાર હશે. પણ ટૂંકી સાંકળવાળું સસલું દયામણું બની પેલાં સસલાંને જોયા કરે છે અને ઝાડ સાથે વાળેલા વળ ઉકેલવાની આવડત નથી.

એટલે થાકી હારીને બેઠું છે. ત્યારે એનો માલિક આવીને ઝાડ સાથે બાંધેલી એની સાંકળ ખોલે છે. અને એ સસલું મુક્ત થાય છે. એના ગળાનો ટૂંપો દૂર થાય છે.

આવું જ આપણા જીવનનું છે. આપણે આપણા ગળામાં આવી કોઈને કોઈ સાંકળ ભેરવી દીધી છે. જેથી આપણે બંધાયેલા છીએ અને વળી આપણે પણ રોજિંદા કર્મના ઝાડ સાથે બંધાઈ ને ગોળ ગોળ ફર્યા કરીએ છીએ. એટલે ક્યારેક એ સાંકળ ટૂંકી થતી અનુભવીએ છીએ અને પછી અસંતોષ કે અજંપાનો ટૂંપો અનુભવીએ છીએ. આપણે કદાચ એક ખીલાની આસપાસ જ ફર્યા કરીએ છીએ. ખીલે બાંધેલું ઢોર ભૂખે મરે. એમ કહીએ છીએ અહીં ભ્રમના ખોટા વાડામાંથી બહાર આવવાની વાત છે.

**ખીલે વીંટાળવવું કે સાંકળે બંધાયેલા રહેવું એ આપણે નક્કી કરવાનું છે અને જીવનને ઊંચે લઈ જવા સતત કર્મશીલ રહેવું જ પડે છે, પણ આપણે અકાર્ય પ્રણાલીને બદલવી પડે**

એટલે જીવનનું કર્મ એને જીવવાની રીત કેળવવી એ આપણા હાથની વાત છે. ખીલે વીંટાળવવું કે સાંકળે બંધાયેલા રહેવું એ આપણે નક્કી કરવાનું છે. જીવનને ઊંચે લઈ જવા સતત કર્મશીલ રહેવું જ પડે છે, પણ આપણે એ કાર્ય પ્રણાલીને બદલવી પડે. આપણે જ રચેલાં બંધનોમાં આપણે ગૂંચવાયેલા ક્યાં સુધી રહીશું?

## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૨૯ જૂન થી તા.૫ જુલાઈ 2026



### તા. ૨૯ સોમવાર
નિજ જેઠ સુદ પૂનમ-:કબીર જયંતી, વ્રતની પૂનમ ,વટ સાવિત્રી વ્રત, દેવસ્નાન, મન્વાદિ-અન્વાધાન, સરયૂજયંતી-અયોધ્યા.

### તા. 30 મંગળવાર
નિજ જેઠ વદ એકમ-: એકમ વૃદ્ધિ તિથિ ,વટ સાવિત્રી વ્રતના પારણાં, દાદાભાઇ નૌરજ સ્મૃતિ દિન

### તા. ૧ જુલાઇ બુધવાર
નિજ જેઠ વદ એકમ-: ગુરુ ગોવિંદ જયંતી, ડૉકટર્સ-સી.એ. દિન.

### તા. ૨ ગુરુવાર
નિજ જેઠ વદ બીજ-:

### તા. 3 શુક્રવાર
નિજ જેઠ વદ ત્રીજ-: સંકટ ચોથ, પંચક પ્રા. રાતે ૧૪૨-૪૯.

### તા. ૪ શનિવાર
નિજ જેઠ વદ ચોથ-: પંચક.

### તા. ૫ રવિવાર,
નિજ જેઠ વદ પાંચમ-: પંચક

## સુવિચાર
પ્રાર્થના શબ્દોથી નહીં, પરંતુ હૃદયની ભાવનાથી થાય છે.

સુખ બહાર નથી, તે તમારા અંતરમાં જ વસેલું છે.કર્મ સારા રાખો, ફળની ચિંતા ભગવાન પર છોડો.